॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૬, નવેમ્બર–૨૦૨૪, રૂા. ૫.૦૦/–

## સંવત ૨૦૮૧
## દિનાંક ૧.૧૧.૨૦૨૪ શુક્રવારના રોજ નવા વરસે ભુજ મંદિરના વિશાળ પટાંગણમાં ૧૫૦૦૦ દિવળાઓથી દીપોત્સવની ભવ્ય ઉજવણી





દિવાળીના દિવસે ફળ, ફુલ અને શાકભાજીથી ભવ્ય રંગોળીનું દર્શન

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક ‘શ્રી સ્વામિનારાયણ સંદેશ’
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે ‘શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ’
વર્ષ-૨૪ અંક-૯ નવેમ્બર-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૭ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**"ઉઠ જાગ મુસાફિર ભોર ભયો, અબ રૈન કહાં જો સોવત હૈ...?**
**જો સોવત હૈ વો ખોવત હૈ; જો જાગત હૈ વો પાવત હૈ...।"**

શ્રી ભુજ સ્વામિનારાયણ મંદિરના સદ્‌ગુરુ મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ વિ.સં.૨૦૮૦ ના વર્ષના સૌ સનાતન સત્સંગીઓ, શ્રીસ્વામિનારાયણ ધર્મ સંદેશ અંકમાં તેમનું ઉત્તમ યોગદાન આપી લખતા લેખકો તથા વાચકો સર્વેને નવા શરૂ થતા વર્ષ વિ.સં.૨૦૮૧ ના શુભ દિને હૃદયપૂર્વક આશીર્વાદ આપી રહ્યા છે, અને ગયા ૨૦૮૦ ના વર્ષમાં જે કોઈએ જે કાંઈ થોડું થોડું સત્સંગ ને જાજી જાજી સાંસારિક આળપંપાળ ભોગવી તેને આ દિવાળીની ઝળહળતી રોશનીમાં સમજી વિચારીને પ્રેમથી વિદાય આપીને વિ.સં.૨૦૮૧ માં ફરી પાછા જાગ્રત થઈને આજ મંદિરના માધ્યમથી પોતપોતાના આ જન્મમાં મોક્ષમાર્ગ તરફ આગળ વધવા પ્રેમસભર આશીર્વાદ અને પ્રેરણાં પણ આપી રહ્યા છે.

**સવત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિન દુઃખમાપ્નુયાત્ ॥**

આ વર્ષે સૌ સુખી થાય, સ્વસ્થ રહે અને દુઃખ બધાયથી કયાંય દૂર ચાલ્યું જાય. સંસારમાં જળબંબોળ ડૂબકીઓ મારતા સૌ સંસારીઓને સંસાર મીઠો મધ લાગે એ તો ખરું..! પરંતુ ભગવાધારી સંતોએ જેમણે સંસાર આજીવનપણે ત્યાગ્યો અને જાગ્રત થઈ રહેલાને સંસાર તજવા તળપી રહેલા સર્વે જીવોની સ્પૃહા અને પૃચ્છા કરીએ તો તેમને પ્રેરણાદાયી ભાવ સમર્પિત થઈ શકે. મંદિરે આવતા પ્રત્યેક સત્સંગી મંદિરના પ્રત્યેક આંટેફેરે જાણે તેમના પગોને કોઈ મગરમચ્છ પકડીને ખેંચતો હોય તેવું લાગતું હોય છે, તેથી મગરમચ્છથી પકડાયેલા હાથીની જેમ જો તેઓ ઊંડો હૃદયપૂર્વકનો આર્તનાદ પ્રભુને કરે તો તે જ મંદિરમાંથી કોઈ સદ્‌ગુરુ તેમને છોડાવી મોક્ષમાર્ગી બનાવી પણ દે. માટે સત્સંગીએ તો

**'કોરા કાગળમાં ખેડ ષડક્ષરી મંત્રથી,**
**પોંખતો જા સ્વામિનારાયણ મંત્ર...!'**
**શ્રદ્ધાની વિજ ઝબૂકે, વિશ્વાસના વાદળ ડણકે,**
**મુશળધાર પ્રભુ કૃપા વરસે, જીવન તારું ઝડકે...!**

વિ.સં.૨૦૮૦ અને સન્ ૨૦૨૩-૨૦૨૪ માં ભુજ મંદિર દ્વારા દેશ-વિદેશમાં અનેક કથાઓ, સત્સંગ સભાઓ, બાળ-યુવા, મહિલા, વૃદ્ધ ને ગ્રામ્ય સમગ્ર કચ્છ જિલ્લામાં અનેક પ્રકારના સામાજિક કાર્યક્રમો, સ્થાનિક કાર્યક્રમો, શ્રમ યજ્ઞો, સેવા કાર્યો, સ્વચ્છતા અભિયાનો પણ થયાં જેમાં સમગ્ર વિશ્વમાંથી પણ અસંખ્ય સત્સંગીઓ પધાર્યા જેમની વિશેષ નોંધ મહંત સ્વામીએ લઈને સૌને બિરદાવી રહ્યા છે. દરેક સત્સંગીઓને નૂતનવર્ષાભિનંદન સહ જય શ્રી સ્વામિનારાયણ....

# શિક્ષાપત્રી શ્લોક-૮૬

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'



**રવેરિન્દોશ્ચોપરાગે, જાયમાનેડપરાઃ ક્રિયાઃ ।**
**હિત્વાશુ શુચિભિઃ સર્વૈઃ કાર્યઃ કૃષ્ણમનોર્જપઃ॥**

અમારા સર્વે સત્સંગીઓ હોય તેમણે, સૂર્ય અને ચંદ્રમાનું જ્યારે ગ્રહણ થાય ત્યારે બીજી સર્વે ક્રિયાઓનો તત્કાળ ત્યાગ કરીને, પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જાપ કરવો.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, સૂર્ય અને ચંદ્રમાનું ગ્રહણ થવાની તૈયારી હોય ત્યારે પ્રથમ સ્નાન કરી પવિત્ર થઈને ભગવાનના મંત્રનો જાપ કરવા બેસી જવું. જ્યાં સુધી ગ્રહણ ચાલે ત્યાં સુધી મનને સ્થિર રાખીને ભગવાનના મંત્રનો જાપ કરવો, અને સૂર્ય અને ચંદ્રનું ગ્રહણ ચાલતું હોય ત્યાં સુધી કોઈ વસ્ત્રાદિકનો સ્પર્શ ન કરવો.

અને ભાષ્યકાર શતાનંદ સ્વામી અહીં વિશેષ સમજણ આપતાં કહે છે કે, જ્યાં સુધી સૂર્ય અને ચંદ્રમાંનું ગ્રહણ ચાલે છે, ત્યાં સુધી જન્મ અને મરણનું સૂતક લાગતું નથી. તેથી સૂતકી પુરુષો પણ ગ્રહણ સમયે હોમ, હવન જપ, પૂજા વગેરે સત્કર્મ કરી શકે છે. ગ્રહણ મુકાઈ ગયા પછી ફરીવાર પુરુષો હોય કે સ્ત્રીઓ હોય તેમણે આકાશમાં રહેલા સૂર્યગ્રહણને અને ચંદ્રગ્રહણને સીધે સીધું જોવું નહિં. તેલની અંદર અથવા જળની અંદર અથવા તો અરીસાની અંદર પડતા પ્રતિબિંબ દ્વારા ગ્રહણ જવું. અથવા નેત્રોની આગળ વસ્ત્ર આડું રાખીને ગ્રહણ જોવું. પણ પ્રત્યક્ષપણે ગ્રહણ જોવું નહિં. અને ગર્ભિણી સ્ત્રી હોય તેમણે તો સાવધાન રહીને નેત્રોની આગળ વસ્ત્ર રાખ્યા સિવાય ગ્રહણ કયારેય જોવું નહિં. અને જો ગર્ભિણી સ્ત્રી સીધે સીધું ગ્રહણ જુએ તો ગર્ભમાં રહેલાં બાળક ઉપર તેની માઠી અસર થાય છે.

હવે સૂર્યગ્રહણના પ્રારંભથી બાર કલાક પહેલાં ભોજનનો ત્યાગ કરી દેવો. અને ચંદ્રગ્રહણના પ્રારંભથી નવ કલાક પહેલાં વેધ લાગી જાય છે, તેથી ચંદ્રગ્રહણના નવ કલાક પહેલાં ભોજનનો ત્યાગ કરી દેવો. તેમાં પાણી પીવાનો નિષેધ નથી.સૂર્યગ્રહણના કે ચંદ્રગ્રહણના પ્રારંભથી પહેલાં પાણી પીવાનો દોષ નથી. ગ્રહણનો પ્રારંભ થયા પછી પાણી પીવું નહિં. અને વળી બાળક, વૃદ્ધ અને રોગી હોય તેમણે ગ્રહણના પ્રારંભથી ત્રણ કલાક પહેલાં ભોજન છોડી દેવું. આ વિધિ બાળક, વૃદ્ધ અને રોગી માટે જ વિશેષ છે. પણ બધા માટે નથી.

હવે સંધ્યાકાળે સૂર્ય ઘેરાયેલો જો અસ્ત પામી ગયો હોય તો ગ્રહણનો સમય પૂરો થયા પછી સ્નાનાદિક ક્રિયા કરી લેવી. પણ રાત્રીએ ભોજન કરવું નહિં. જ્યારે સવારમાં સૂર્ય ઉદય પામે, ત્યારે સૂર્યના દર્શન કરીને જ ભોજન કરવું અને ચંદ્ર પ્રાતઃકાળમાં જો ઘેરાયેલો અસ્ત પામી ગયો હોય તો ગ્રહણનો સમય પૂરો થયા પછી સ્નાનાદિક કરી લેવી. પણ આખો દિવસ ભોજન કરવું નહિં. સંધ્યાકાળે જ્યારે ચંદ્ર ઉદય પામે ત્યારે ચંદ્રના દર્શન કર્યા પછી જ ભોજન કરવું એવો અભિપ્રાય છે.

**"અનેક પ્રકારના વિજ્ઞાનો, આજે જગમાં વિદ્યમાન છે; સર્વે વિજ્ઞાનોમાં શ્રેષ્ઠત્તમ, ધર્મજ્ઞાનને ધર્મવિજ્ઞાન છે. માટે જ શ્રીહરિની શિક્ષાપત્રીનું વિશ્વભરમાં સામ્રાજ્ય છે."**

દેવો-દાનવોના ખૂંખાર યુદ્ધને શાંત પાડવા પ્રભુએ 'વિશ્વ મોહિની' સ્વરૂપ ધારણ કર્યું. જેવું સમૂદ્રમંથનમાંથી હળાહળ ઝેર નીકળ્યું, તે તો વિશ્વને અકબંધ રાખવા શિવ ભગવાન ગટગટાવી ગયા ને તેને ગળા વચ્ચે જ અટકાવી રાખ્યું.! પછી અમૃત નીકળ્યું ને તેની દેવો-દાનવો વચ્ચે ખેંચાખેંચી

ચાલી. સૌને મનાવી પટાવી વિશ્વમોહિનીએ પંગતમાં બેસાડી બંનેને પાવાની શરૂઆત કરી ત્યાં 'રાહુ' નામના દાનવની દાનત બગડી ને સૂર્ય-ચંદ્ર વચ્ચે વેશ બદલીને ગોઠવાઈ ગયો પરંતુ વિશ્વમોહિનીએ તેને પકડી પાડ્યો ને તરત જ તેનું માથું ધડથી જુદું કરી દીધું.

આ છે 'પૌરાણિક વિજ્ઞાન' અને સૂર્યમંડળના નવ ગ્રહોમાં રાહુ-કેતુ કોઈ ગ્રહ નથી માનતું. જ્યોતિષ શાસ્ત્ર અને આધુનિક વિજ્ઞાન પણ તેમને 'પડછાયા' રૂપે જ સમજાવે છે.

તેથી આધુનિક યુગમાં થોથાં-પોથાંના જ્ઞાની બુદ્ધિજીવીઓ ગ્રહણ સમયે તો ખાસ દાબેલી ખાય ને હોટલોમાં રંગત જમાવે. પરંતુ મહાન અણુવિજ્ઞાની આલ્બર્ટ આઈન સ્ટાઈન તો આ ગ્રહણને આધુનિક વિજ્ઞાન દ્વારા સમજણ આપી ગયા છે ને પોતે પૌરાણિક વાતને સ્વીકારી પણ ગયા છે.!

આજના માનવ જીવનને નિખાલસતાથી વ્યાપકપણે તપાસીએ તો નથી લાગતું કે, પ્રત્યેક માનવી વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગ્રહણોથી પીડાયા જ કરે છે ?
"જ્ઞાન-વિજ્ઞાનમાં ચંચુપાત કરતાં પહેલાં, મારા વ્હાલા, સત્સંગીઓ થાઓ જાગ્રત; શિક્ષાપત્રી પૂર્ણપણે પાળો."

## સંત કી સોબત

શીવજી કરસન કેરાઈ
નારાણપર ઉપલોવાસ

મનુષ્યનો દેહ પુણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. મનુષ્ય જેવો સંગ કરે છે તેવો તે બની જાય છે. યોગીના સંગથી યોગી, ભોગીના સંગથી ભોગી અને રોગીના સંગથી રોગી. માટે હમેશાં સજ્જન માણસોનો સંગ કરવો જોઈએ.

રામચરિત માનસમાં અરણ્યકાંડમાં લખેલ છે કે, નારદજીના દર્શન પ્રસંગથી ધ્રુવજીને ઘણાંજ ટૂંકા સમયમાં ભગવાનનાં દર્શન થયાં. કાકભુષંડીના સંગથી ગરૂડજીનો મોહ નિવૃત્તિને પામી ગયો અને ભગવાનમાં અનન્ય પ્રેમ થયો. ધર્મરાજાના સંગથી નચિકેતા આત્મભાવને બ્રહ્મભાવને પામી ગયા. મહાત્મા જડભરતના સંગથી રહુગણ રાજાને પરમાત્માનું જ્ઞાન થઈ ગયું. દેવર્ષિ નારદજીના સંગથી વાલિયો લુંટારો વિશ્વ વંદનીય વાલ્મિકીઋષિ બની ગયા. જેનું નામ સાંભળતા રડતા છોકરાઓ બંધ-શાંત થઈ જતા. જેને પકડવા વડોદરાના સયાજીરાવે મોટું ઈનામ જાહેર કરેલ, તેવો વડતાલનો ખૂંખાર લુંટારો જોબનપગી શ્રીસહજાનંદ સ્વામી અને તેમના સંતોના સંગમાં આવતા સહેજે સહેજે હાથમાં માળા અને મુખે સ્વામિનારાયણ મંત્ર અને ભાલમાં તિલક ચાંદલો કરતો થઈ ગયો. માટે હમેશાં સત્પુરુષોની સોબત કરવી જોઈએ.

**" ઝળતો બળતો આત્મા, સંત સરોવર જાય,**
**સત્સંગરૂપી લહેરમાં તરત શીતળ થાય."**

આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ પ્રકારના તાપમાં સળવળતો જીવ જો સંતોનો સમાગમ કરે તો તરત જ શીતળતાને પામે છે. માટે જ સંતપુરુષોને ચંદ્ર કરતા પણ શીતળતા આપવામાં શ્રેષ્ઠ કહેલ છે.

**"ચંદન શીતલં લોકે, ચંદનાદપિ ચંદ્રમા ।**
**ચંદ્ર ચંદનયો મંધ્યે, શીતલા સાધુ સંગતિઃ ॥"**

દુનિયામાં જેટલા પદાર્થો શીતળતા આપનારા કહેલાં છે તેમાં ચંદન અને ચંદ્રમા સર્વેથી શ્રેષ્ઠ છે. પરંતુ બંને કરતાં પણ સંતની સોબત અધિક શીતળતા આપનારી છે. સંતની સોબત એક ક્ષણવાર પણ થાય તો હૃદય ટાઢુ થઈ જાય છે. માટે જ સંતને ચંદન અને ચંદ્રમા કરતા અધિક કહ્યા છે. ચંદ્રમાની શીતળ કરવાની સામર્થીથી સંતમાં વિશેષ છે તે જાણવું હોય તો વાંચો શ્રીસ્વામિનારાયણ

ભગવાનના સંત સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના જીવનનો એક પ્રસંગ.

તેઓ દેશકાળ જ્ઞાતા હતા. એમની વાણીમાં એટલી મધુરતા હતી કે દુશ્મન પણ દુશ્મનાવટ મૂકી દાસ બની જાય. કાળમીંઢ પથ્થર જેવું જેનું હૈયુ હોય તે પણ સ્વામીના સમાગમથી પીગળી જાય. કથકોટ નામનું સુંદર નાનું એવું રળિયામણું ગામ છે. ગામમાં સત્સંગનું જોર વધુ તેથી અનેક સંતો અવાન-નવાર ગામમાં આવે. સંતો પધારે એટલે સત્સંગ અને ભજન કીર્તનની રમઝટ જામે, સંતોના ઉપદેશ-સમાગમે ગ્રામજનો ધન્ય બને. એક સમયે આ ગામમાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી સંત મંડળે સહિત પધાર્યા. મુક્તાનંદ સ્વામી એટલે સત્સંગની 'મા' કહેવાય. તેઓ એવો સરળતાથી ઉપદેશ આપતા કે હૃદયમાં સોંસરો ઉતરી જાય.

કંથકોટ ગામમાં એક ગરાસિયાની દીકરી સિંધ દેશના રાજા સાથે પરણાવેલી હતી. સંજોગોવસાત તેને રંડાપો આવ્યો તેથી તે પોતાના પિયર પાછી આવી. દુનિયાના ક્રમ પ્રમાણે ભાભી નણંદને મેણા-ટોણા મારે, ન બોલવાનું બોલે, તિરસ્કારનો વરસાદ વરસાવે. આથી કંટાળીને નણંદબાએ આખરી નિર્ણય લીધો કે હવે મારે જીવન ટુંકાવી ઝેર ખાઈને મરી જવું છે.

એક તાંસળીમાં અફીણ ઘોળી પી જવા તૈયાર થઇ ગઇ જેવી તાંસળી મોઢે અડાડવા જાય છે ત્યાં જ પાડોશી સત્સંગી બહેને બાઇને ટહૂકો કર્યો 'ચાલ બહેન' ગામમાં મોટા સંત મુક્તાનંદજી આવ્યા છે. તેમના દર્શન કરીએ અને સત્સંગ સાંભળીએ. તેથી આ બાઇએ વિચાર્યુ કે, આમેય મરી જવું છે તો સાધુ-મહાત્માના દર્શન-સત્સંગ કરી આવું ને મરું તો કાંઇ સદ્‌ગતિ થાય.

આમ વિચારી બીજી બહેનો સાથે મુક્તાનંદ સ્વામી જ્યાં સભા કરી રહ્યા હતા ત્યાં સત્સંગસભામાં આવીને બેસી ગયા. સભા ખીચોખીચ શ્રોતાજનોથી ભરાઈને બેઠી હતી. સૌ શ્રોતાઓ શાંતિથી એકચિત્તે સ્વામીનું પ્રવચન-ઉપદેશ સાંભળતા હતા. સંત અને અસંતના ભેદની વાતો ચાલતી હતી. જેવી આ પહેલી બહેનો સભામાં બેઠી કે વિષય બદલાયો. અને સ્વામીએ કહ્યું કે "મનુષ્યનો દેહ ખૂબ મોંઘો છે. કિંમતી છે." જે પુણ્યશાળી હોય તેને જ પ્રાપ્ત થાય છે. અને તે પણ સાડાત્રણ કરોડ કલ્પ વિત્યે મળે છે. એવો આ મનુષ્યદેહ તેને નાશવંત, માયિક અને અસાર સુખની પાછળ વેડફી નાખવો નહિં. તેમજ લૌકિક સુખદુઃખના કારણે ઝેર ખાઈને, ગળે ટૂંપો દઈને, કૂવે પડીને, બળી મરીને કે અન્ય કોઈપણ રીતે દેહનો અંત આણવો નહીં. આત્મહત્યાથી મોટું કોઇ પાપ નથી. સંસાર તો અસાર છે. સારાં-નરસાં પ્રસંગોને ધીરજતાથી સહન કરવા જોઈએ.

પ્રભુનું ભજન-સ્મરણ, સત્સંગ કરવો. ભગવાનનું શરણું સ્વીકારવાથી આપણાં બધા જ દુઃખો વિસરાઈ જાય છે. પ્રભુ જો કરૂણાના સાગર છે. આપણા તમામ દુઃખો દૂર કરશે. પ્રભુ તો દુઃખ ભંજન છે. કષ્ટભંજન છે. કુપાળુ છે. શ્રોતાજનો સૌ વિચારવા લાગ્યા કે, સ્વામીજીએ શા માટે આ વિષયાંતર કર્યુ હશે ? સભા પૂર્ણ થઈ સૌ પોતપોતાને ઘેર ગયા. જે બાઈ ઝેર પીવાનું નક્કી કરીને સભામાં ગઇ હતી તેના હૃદયમાં પરિવર્તન થયું. ઘેર જઈને તેણે ઝેર ઢોળી દીધું અને ભગવદ્ સ્મરણ કરી પોતાનું બાકી જીવન વ્યતિત કરવા લાગી.

**"સંત તણી સોબત કરો, ધરો હરિનું ધ્યાન. એક ઘડી, આધી ઘડી, આધીમે પુનિ આધ. તુલસી સોબત સંત કી, કટે કોટિ અપરાધ." જો સાચા સંતની સોબત કરવામાં આવે તો જન્મોજન્મના અપરાધ બળી જાય છે.**

# ભુજ મંદિરે અન્નકૂટ ઉત્સવ તથા નવું વરસ ઉજવાયું



ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા અને આશીર્વાદથી દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. કાળીચૌદશના રોજ મહારાજની આજ્ઞા મુજબ સાંજે હનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. દિવાળીના રોજ બપોર પછી મંદિરમાં ચોપડાનું પૂજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ભુજ શહેરના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતના ઉદ્યોગના ચોપડાનું પૂજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય મહંત સ્વામીએ દરેક વેપારી વર્ગને ધંધામાં ભગવાન ભરકત આપશે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. વેપારીઓ રાજી થયા હતા. સાંજે પૂજ્ય મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો કોઠારી હરિભક્તોએ લક્ષ્મીપૂજન કર્યું હતું.





તા. ૨/૧૧/૨૪ ના રોજ સવારે મંગળા આરતી ૫ વાગ્યે કરવામાં આવી હતી. આરતી બાદ સૌ સંતો સભામંડપમાં એકબીજાને બાથમાં ઘાલી મળ્યા હતા અને મોટા સંતો નાના સંતોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લા ૧૫ દિવસથી રાત-દિવસ સંતો, સાં.યો.બહેનો તથા હરિભક્તોએ મહારાજને યાદ કરી વિવિધ પકવાનો, ફરસાણો, વ્યંજનો તૈયાર કરી શ્રીઠાકોરજી આગળ ધરવામાં આવ્યા હતા. ૯-૩૦

























કલાકે પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોએ અન્નકૂટોત્સવની આરતી કરી હતી.

ભુજ શહેર તથા ચોવિસી, વાગડ, અબડાસા સહિત સમગ્ર કચ્છ વિસ્તાર તેમજ ગુજરાત ભરમાંથી આવેલ હજારો હરિભક્તો નવા વરસે અન્નકૂટ આરોગતા શ્રીઠાકોરજીના દર્શન કરી ધન્ય થયા હતા. આજે ભુજ મંદિરમાં વિના આમંત્રણે સમગ્ર કચ્છ-ગુજરાત આમંત્રિત હોય છે અને દરેકને બપોરે



મહાપ્રસાદ લેવાનો હોતાં હજારો હરિભક્તો પ્રસાદ લઈ તૃપ્ત થયા હતા. સાંજે ૫ વાગ્યા સુધી દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યાં હતા. અને ૬:૪૫ શયન આરતી બાદ શ્રીઠાકોરજી વહેલા પોઢ્યા હતા.

ભુજ મંદિર દ્વારા કચ્છના, દેશ-વિદેશના કોઈપણ રાજ્ય કે દેશમાં રહેતા હોય એમને પોસ્ટ દ્વારા શ્રીનરનારાયણદેવનો અન્નકૂટનો પ્રસાદ પહોંચાડવામાં આવે છે. પૂજ્ય મહંત સ્વામીનો ઉપદેશામૃત, નિર્ણય સાથે પ્રસાદ દર વર્ષની જેમ આ વરસે પણ મૂકવામાં આવ્યો હતો. હરિભક્તો



મોટી સંખ્યામાં આવતા હોઈ થાળ ભરવાની વ્યવસ્થા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ કરી હતી અને પીરસવાની સેવા પણ યુવાનો-યુવતીઓએ કરી હતી.





**દિપોત્સવઃ-** દિનાંક.૧/૧૧/૨૪ ના રોજ સાંજે પંદર હજાર દિવડાઓ દ્વારા ભુજ મંદિરના પટાંગણમાં દિપોત્સવ કરવામાં આવ્યો હતો. યુવાનો તથા યુવતીઓ, સંતો, સાં.યો. બહેનોએ આ વ્યવસ્થામાં સહયોગી થયા હતા. પૂજ્ય મહંત સ્વામીએ દિપોત્સવની આરતી પહેલાં સમગ્ર કચ્છના હરિભક્તો-ભાવિકોને નવા વર્ષની પૂર્વ સંધ્યાએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**રંગોળી સ્પર્ધા :-** કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળના બહેનો દ્વારા ભુજ મંદિરમાં રંગોળી સ્પર્ધા કરવામાં આવી હતી. વિવિધ આકૃતિઓથી વિવિધ કલરો પૂરી આકર્ષક રંગોળી બનાવી પોતાની કળા ભગવાનને અર્પણ કરી હતી અને સંતો, સાં.યો. બહેનો નિહાળી













રાજીપો વ્યક્ત કર્યો હતો.

મંદિરના ઘુમ્મટમાં પણ લીલા શાકભાજી તથા ફળો દ્વારા અતિ આકર્ષક વિશાળ રંગોળી બનાવી હતી. જેમાં સંતો તથા યુવાનો પોતાની કળા શ્રીહરિને અર્પણ કરી રાજી થયા હતા અને પૂજ્ય સંતો તથા હરિભક્તો નિહાળી રાજી થયા હતા.

સમગ્ર ઉત્સવોની વ્યવસ્થા ભુજ મંદિરના નાના-મોટા સંતોએ પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોએ સંભાળી હતી.

# પ્રસાદી મંદિરે દિવાળી-નૂતનવર્ષની ઉજવણી

ભુજ પ્રસાદી મંદિરે સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. દિવાળી પૂર્વે હનુમાનજીને ૨૦૨ વર્ષના પાટોત્સવ ઉપક્રમે 'ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા' મંત્રનું ચાર લાખ જપ દ્વારા પુરુશ્ચરણ કરવામાં આવ્યું હતું. બે દિવસના મારુતિયાગ સાથે દશાંશ હોમ થયો હતો. યજમાનો તથા સંતો દ્વારા ભૂદેવોને દક્ષિણા અપાઈ હતી. કાળીચૌદશના દિવસે સવારે બળદિયા બંનેવાસમાંથી મંડળીવારા હરિભક્તો આવી સમૈયો કર્યો હતો અને મહાઆરતી કરી હતી. સાંજે હનુમાનજીના ભજન સાથે મહાઆરતી અને હનુમાન ચાલીસાના પાઠ થયા હતા.

તા.૩૧/૧૦/૨૪ ના રોજ લક્ષ્મીપૂજન તથા ચોપડા પૂજન કરાયું હતું. તા.૧/૧૧/૨૪ દિપોત્સવ કરાયો હતો. તા.૧/૧૧/૨૪ ના ૨૦૮૧નું નવા વરસનો પ્રારંભ થતો હોવાથી શ્રીઠાકોરજી આગળ સવારે ૮ કલાકે ગોવર્ધન પૂજન કરાયું હતું બરાબર ૯ કલાકે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી આદિ સંતો તથા યજમાનો દ્વારા અન્નકૂટોત્સવની આરતી કરવામાં આવી હતી.

છેલ્લા આઠ દિવસથી સંતો તથા હરિભક્તો સાથે મળી શ્રીઠાકોરજી માટે વિવધ વાનગીઓ બનાવી ધરવામાં આવી હતી. સવારે પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ પ્રસાદી મંદિરના સંતો તથા







ઉપસ્થિત હરિભક્તો તથા દેશ-વિદેશમાં રહેતા હરિભક્તોને નવા વરસની શુભેચ્છાઓ પાઠવી હતી. અને કથા બાદ સૌ સંતો-હરિભક્તો પરસ્પર એક બીજાને બાથમાં ઘાલી મળ્યા હતા.

અન્નકૂટની સેવામાં સાં.યો.બહેનો, કર્મયોગી બહેનો, સુખપર તથા માધાપરના હરિભક્તો સહયોગી થયા હતા અને શ્રીઠાકોરજીનો રાજીપો મેળવ્યો હતો. પૂજ્ય મહંત સ્વામીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## શ્રી હનુમાનજીનું પૂજન, શ્રી હનુમાનમંત્ર પુરશ્ચરણ તથા મારુતીયાગ - પ્રસાદી મંદિર ભુજ









ભુજની જે.આઇ.સી. જેલ તેમજ ભુજની પાલારા જેલના ઝેલરો અને સુરક્ષાકર્મચારીઓને નવા વરસની શુભેચ્છાઓ સાથે ભુજ મંદિરના સંતો દ્વારા આશીર્વાદ તથા પ્રસાદ વિતરણ કરાયું

# ભુજ મંદિર પ્રેરિત ગાય આધારિત ખેતી અભિયાન

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ પ્રેરિત ગાય આધારિત ખેતી અભિયાન કચ્છને સાતત્ય સાથે ત્રીજું વર્ષ ચાલી રહ્યું છે ત્યારે અભિયાન સાથે જોડાયેલા ખેડૂતોને સતત નવું માર્ગદર્શન મળતું રહે તેના ભાગરૂપે રાષ્ટ્રીય સ્વયંસેવક, ગો સેવા ગતિવિધિના અખિલ ભારતીય પ્રશિક્ષણ કે.એ.એન.રાઘવનનો પાંચ દિવસીય પ્રવાસ યોજાઈ ગયો. જેમાં બે દિવસ વિવિધ વાડીઓના પ્રેરણા પ્રવાસ, બે દિવસ પ્રશિક્ષણ વર્ગ અને એક દિવસ ખેડૂત મિલન સ્વરૂપે ખેડૂતો સાથે સીધા સંવાદનું આયોજન કરાયું હતું.

રાઘવનજીનો ગાય આધારિત ખેતી વિષયે ઘણાં વર્ષોનો ઉંડો તલસ્પર્શી અભ્યાસ તથા દેશભરમાં થતા સતત પ્રવાસો અને ગહન વાંચનને કારણે સ્વ અનુભવનું જ્ઞાન હોવાથી આ અભિયાનના પ્રારંભથી જ કચ્છના ખેડૂતોને તેમનો લાભ મળતો રહ્યો છે અને કચ્છના જાણીતા ગોસેવક અને ગો સેવા ગતિવિધિના સૌરાષ્ટ્ર પ્રાંતના સંયોજક મેઘજીભાઈ હિરાણીના આગ્રહથી કચ્છમાં ફરી એકવાર તેમનો પ્રવાસ યોજાયો ત્યારે પ્રારંભે










ખેડૂતોની નમુનારૂપ વાડીએ પ્રેરણા પ્રવાસના આયોજનમાં વર્ષોથી રસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિરેકથી સાવ નબળી અને સખત બની ગયેલી જમીન અને પિયત માટેનાં સાવ નબળા પાણીમાં પણ નિયમિત ગોબર ગેસમાં બનેલ દેશી ગોવંશના ગોબરની રબડી અને કંપોષ્ટ ખાતરના ભરપૂર વપરાશ સાથે એક એકર જમીનમાં માત્ર નવ ઈંચ વ્યાસના આઠથી દશ ફૂટ ઊંડા ત્રણસો ખાડા(બોર) કરીને તેમાં છાણિયું ખાતર ભરીને આઠથી દશ ફૂટની ઊંડાઈના સ્તર સુધી વરસાદી પાણી પકડી રાખવા ઉપરાંત ખેતી માટે અતિ જરૂરી એવાં અળસિયા અને બેકટેરિયાને આકર્ષવાની જબરી તાકાત સાથે માત્ર છ મહિનામાં જમીન કેવી રીતે ફળદ્રુપ અને પોંચી થાય છે અને પાણીની સંગ્રહ શક્તિ કેટલી વધે છે તે પોતે અનુભવેલાં અનેક સફળ ઉદાહરણો સાથે સમજાવ્યું હતું.



માત્ર ખેતરની માટી સુંઘી જમીનના ગુણદોષ જાણી જતા રાઘવનજીના સુચન અનુસાર નખત્રાણાના ઘડાણી ગામના ખેડૂત સુરેશભાઇ પોકારે જણાવ્યું કે દોઢ વર્ષ અગાઉ પોતાની વાડીની જમીનમાં કરેલ ખાડા ખોદવાના પ્રયોગનાં અત્યારે મગફળી સહિત દરેક પાકમાં ખૂબ ઓછા ખર્ચે જ અદ્‌ભુત પરિણામો મળી રહ્યા છે. મોંઘા રસાયણિક ખાતરોનો ભરપૂર ઉપયોગ કરવા છતાં નથી મળતાં એટલે હવે આ પદ્ધતિમાં દર વર્ષે બે એકર જમીન વધારતા જવાનું નક્કી કર્યું છે.

પ્રવાસમાં જોડાયેલા સંતો અને કાર્યકરોને ગાય આધારિત અને રસાયણિક રીતે પાકેલ મગફળીના પાકની મીઠાસ અલગ જ જણાઈ હતી.

સામત્રાના લક્ષ્મણભાઈ વરસાણી જણાવે છે કે મેં માત્ર ગાયને આધાર બનાવી ખેતી ચાલુ કરી તો ભરપૂર યુરિયા, ડી.એ.પી. વાપરતા આજુબાજના ખેડૂતો મજાક કરતા હતા પણ આજે પરિણામ જોઈને હવે બધા આ પદ્ધતિ સ્વીકારવા વિચારતા થયા હોવાનું જણાવ્યું હતું.

પાંચ સંતો અને પસંદ કરેલ ત્રીસથી વધુ ખેડૂતો માટે રામપર-વેકરા તપોવનધામ ખાતે યોજાયેલ બે દિવસના ભરચક સત્રો સાથેના પ્રશિક્ષણ વર્ગમાં પણ માત્ર વીસ-ત્રીસ લીટરના માટીના માટલાં અને ત્રાંબાના ઘડાનો ખર્ચ કરીને બહુ જ ઓછી મહેનત સાથે અન્ય કોઈ જ ખર્ચ વગર ગોબર, ગોમૂત્ર અને વાડીમાંથી જ મળી રહેતી દરેક વનસ્પતિ અને ઔષધીઓ સાથે નેનો ટેકનોલોજીથી બનતા વિવિધ જીવામૃતો અને અમૃતપાણી સહિતના ખાતરો તથા કીટ રોધક અને કીટ નિયંત્રક સહિતના અતિ અસરકારક દ્રવ્યો તૈયાર કરવાની પ્રકટીકલ પદ્ધતિ શીખીને સંતો અને ખેડૂતો આશ્ચર્યચકિત થઇ ગયા હતા.

તા.૨૫/૧૦/૨૦૨૪ ભુજ મંદિરના નેજા

હેઠળ અને પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદથી આ સમગ્ર અભિયાન ચાલતું હોઈ મંદિરના મુખ્ય સભાખંડમાં આયોજિત એક દિવસીય ખેડૂત મિલન અભિયાન સાથે જોડાયેલા ખેડૂતોને આશીર્વાદ આપવા પૂજ્ય મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબાળદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી શ્યામચરણદાસજી સહિત સંતો તથા ટ્રસ્ટી કોઠારી મુરજીભાઈ શીયાણી, અને મુખ્ય સમિતિના પરબતભાઈ ગોરસીયા, મેઘજીભાઈ હિરાણી



સહિતના સક્રિય સદસ્યો અને પ્રવાસી કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં રાઘવનજીએ ગાય આધારિત ખેતી વિષયે ખેડૂતોને મુંઝવતા પ્રશ્નોનું સચોટ નિરાકરણ કરવા સાથેનું અમુલ્ય માર્ગદર્શન કરેલ.

શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીના નેતૃત્વમાં ચાલતાં આ અભિયાનની સંપૂર્ણ ગતિવિધિથી અતિ પ્રસન્ન જણાતા પૂજ્ય મહંત સ્વામીએ ખેડૂતોને આશીર્વાદ આપતાં જણાવેલ કે ગાય માતાના માધ્યમથી ધરતીમાતાને ઝેરમુક્ત કરી શુદ્ધ સાત્ત્વિક રીતે પાકેલા અનાજથી સમગ્ર સમાજની નિરોગીતા માટે ચાલતાં આ અતિ મહત્ત્વના પવિત્ર કાર્યમાં શ્રીનરનારાયણદેવની કૃપા આપણી સાથે જ છે તેથી નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે આ કાર્યમાં આગળ વધવા જે આવશ્યકતાઓ હશે તેમાં ભુજ મંદિરનું સમગ્ર ટ્રસ્ટી મંડળ તમારી સાથે હોવાની પ્રોત્સાહક બાંહેધરી આપી હતી.

પૂજ્ય જાદવજી ભગત અને કોઠારી મુરજીભાઈ પણ મહંત સ્વામીની વાતમાં સૂર પૂરાવતાં મુખ્ય સમિતિ અને સૌ ખેડૂતો આ વિષયે વધુ ગતિ સાથે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું.

રાઘવનજીના મતે આ પ્રકારની ખેતીમાં વાડીએ ગોબરગેસની અતિ મહત્ત્વની ભુમિકા હોવાથી મેઘજીભાઈએ અભિયાન દ્વારા આગામી ટૂંક સમયમાં એક સો થી વધુ વાડીઓમાં ગોબરગેસ નિર્માણ કરવાની યોજના અંતર્ગત પાંચ પ્રેરણા કેન્દ્રોની વાડીએ ગોબરગેસ બનાવી દેવાયા હોવા સાથે કચ્છના કુલ્લ આઠ પ્રદેશોમાં સો જેટલાં પ્રેરણા કેન્દ્રો અને આઠ પ્રશિક્ષણ કેન્દ્રો કાર્યરત કરવાની અને દર મહિને એક દિવસ અભિયાનમાં જોડાવા ઈચ્છુક કોઈપણ ખેડૂતને અભિયાનના પ્રશિક્ષિત કાર્યકર્તાઓ દ્વારા નિઃશુલ્ક પ્રશિક્ષણ આપવાની માહિતી આપી હતી.

સમગ્ર કચ્છમાં અતિ વ્યાપક પ્રમાણમાં સત્સંગ સમુદાય ધરાવતી એક ધાર્મિક સંસ્થા દ્વારા આ અભિયાન ચાલતું હોવા છતાં મહંત સ્વામીની ઉદારતા અને દીર્ઘદષ્ટિથી તેને માત્ર આ સંપ્રદાય સાથે જોડાયેલા ખેડૂતો પુરતું સિમિત ન રાખતાં કચ્છનો કોઈપણ જ્ઞાતિ, પંથ અને સંપ્રદાયનો ખેડૂત આ અભિયાનના નિયમો અનુસાર તેમાં જોડાઈ શકશે આવશ્યક માર્ગદર્શન માટે કાર્યકર્તાઓ તેમની વાડીએ નિયમિત પ્રવાસ પણ કરશે તેવી ફરી એકવાર જાહેરાત કરાઈ હતી.

સરવાળે આ પ્રવાસ ન માત્ર ખેડૂતો પરંતુ અભિયાનને માર્ગદર્શન કરતા મુખ્ય સમિતિના સંતો અને સૌ કાર્યકર્તાઓને પણ ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો.

અ- રામજીભાઈ વેલાણી

# અંજાર મંદિરે શ્રી ચિહ્નચિંતામણી ત્રિરાત્રી સત્સંગ સભા તથા શરદપૂનમ મહારાસોત્સવ યોજાયો

શ્રીસ્વામિનારાયણ મંદિરના વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી વિગેરે મંડળના સમગ્ર સંતોના શુભ સંકલ્પથી શ્રીચિહ્નચિંતામણી ત્રિરાત્રી સત્સંગ સભાનું તા.૧૩/૧૦ થી તા.૧૫/૧૦ દરમ્યાન આયોજન થયુ હતુ.

વક્તાપદે કથાકાર મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. યજમાન અંજારના એક હરિભક્તે સંતો, હરિભક્તોની પ્રશન્નતાર્થે આકથાનું આયોજન કરાવેલ અને ઉદારતાથી પ્રસંગ ઉજવાયો. સંચાલન પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજીએ કર્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતાં અને દરરોજ રાત્રે વિવિધ પ્રસાદ સર્વે ભક્તોને આપવામાં આવ્યો હતો.

શરદપૂનમે રાસોત્સવ તા.૧૬/૧૦ના રોજ મંદિરના વિશાળ પટાંગણમાં સંગીત સાથે રાત્રે આયોજન થયુ હતુ. સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા શા. સ્વામી ગોલોકવિહારીદાસજીએ કીર્તનોનું ગાયન કરાવ્યું હતું. પ.ભ. અ.નિ. ડો. એચ.વી. કેરાઇ, ધ.પ. પુષ્પાબેન, સુપુત્ર નરેશભાઇ, ધ.પ. રમીલાબેન, પૌત્ર દિલન, પૌત્રી ત્રીષ્ના, સુપુત્ર રાજેશભાઇ, ધ.પ. રમાબેન, પૌત્રી પ્રિશા તથા શિવકુમાર સુપુત્રી લક્ષ્મીબેન તથા મંજુબેન આદિ પરિવાર અંજાર(હા.લંડન)એ પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતા માટે યજમાન પદ સ્વીકાર્યું હતું. હરિભક્તો મન મુકી રાસક્રીડા કરી ઘનશ્યામ મહારાજને રીઝવ્યા હતા. રાસોત્સવ બાદ સર્વે હરીભક્તોને દુધપૌંવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

પૂર્ણાહુતિ પ્રસંગે યજમાનશ્રીનું મહંત સ્વામી દ્વારા બહુમાન થયું સાથે શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું.

અંજારે શહેર, વાડી વિસ્તારના તથા બેન્સા વિસ્તારના હરિભક્તો જોડાયા હતા તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા આસપાસના ગામોના હરિભક્તો રાસોત્સવમાં સહભાગી થયા હતા.

- અહેવાલ :મેહુલભાઇ પ્રવિણભાઇ ઠક્કર (મહેતાજી), અંજાર.

## અમદાવાદ કાલુપુર મધ્યે જ્ઞાનયજ્ઞ મહોત્સવ





વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ મધ્યે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણનું આયોજન ગામ પિયાવા - માંડવીના પ.ભ. માવજીભાઈ લાલજી વેકરીયા, ધ.પ. મેઘબાઈ માવજી વેકરીયા, સુપુત્ર કાન્તીભાઈ માવજી વેકરીયા, ધ.પ. રમીલાબેન, સુપુત્ર સુરેશભાઈ માવજી વેકરીયા, ધ.પ. રમીલાબેન, જમાઈ નારાણભાઈ કાનજી કેરાઈ, સુપુત્રી કાન્તાબેન નારાણ કેરાઈ, જમાઈ રમેશભાઈ વાઘજી કેરાઈ, સુપુત્રી શિલ્પાબેન રમેશ કેરાઈ પરિવાર તથા પ.ભ. રામજીભાઈ લાલજી વેકરીયા, ધ.પ. પુષ્પાબેન રામજી વેકરીયા, સુપુત્ર રવજીભાઈ રામજી વેકરીયા, ધ.પ. વનિતાબેન, સુપુત્ર દેવજીભાઈ રામજી વેકરીયા, ધ.પ. નીતાબેન પરિવાર તથા અ.નિ. ભાઈ મેઘજીભાઈ લાલજી વેકરીયા, ગં.સ્વ. ધ.પ. અમરબાઈ, સુપુત્ર વેલજીભાઈ મેઘજી વેકરીયા તથા રવજીભાઈ મેઘજી વેકરીયા પરિવારના યજમાન પદે કરવામાં આવ્યું હતું.

આ અવસરે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી, શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પૂ.લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી આદિ સમસ્ત ધર્મકુળ પાંચે દિવસ પધારી દર્શન - આશીર્વાદ પાઠવ્યા હતા.

શાસ્ત્ર પૂજન બાદ કચ્છી વાજીંત્ર મંડળી સાથે ભવ્ય પોથીયાત્રાના આયોજન દ્વારા પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શાસ્ત્ર અને વક્તાશ્રીનું પૂજન કરી કથાનો પ્રારંભ કરાયો હતો.






વક્તા શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાજી, શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજીએ સુમધુર સંગીતના સથવારે કથામૃત રસપાન કરાવી સંતો-ભક્તોને ભક્તિરસમાં તળબોળ કર્યા હતા.

કથા અંતર્ગત શ્રીઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિ આગમન-પૂજન મહોત્સવ, ફૂલદોલ મહોત્સવ તથા મહા રાસોત્સવ જેવા અનેકવિધ મહોત્સવમાં સંતો-ભક્તો અને યજમાન પરિવારે ભાગ લઈ ખૂબ જ આનંદિત થયા હતા.







આ કથા દરમિયાન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, અમદાવાદ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી સિધ્ધેશ્વરદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલો અને આઠે મંડળના મંડળધારી સંતો તથા ૧૨૫ જેટલા માંડવી આદિ કચ્છના સાં.યો.બહેનો આ કથામાં ઉપસ્થિત રહી યજમાનશ્રીની ભાવનાને પૂર્ણ કરી હતી.





યજમાનશ્રીનો પરિવાર ભાઈઓ સામજીભાઈ લાલજી વેકરીયા, વાલજીભાઈ લાલજી વેકરીયા, કરસનભાઈ લાલજી વેકરીયા આદિ પરિવારના ભાઈઓ-બહેનો અને વાજીંત્ર મંડળી સાથે ૩૦૦ જેટલા હરિભક્તો પધારી કથા-વાર્તા અને સત્સંગનો લાભ લીધો હતો.

સભા સંચાલન અને મહોત્સવ આયોજનમાં કાલુપુર મંદિરના કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી, સ્વામી વ્યાપકેશમુનિદાસજી, સ્વામી ધર્મવત્સલદાસજી આદિ સંતોએ આત્મિયભાવથી આ મહોત્સવમાં સેવા બજાવી હતી. આમ ભક્તિભાવ સાથે નિર્વિઘ્ને મહોત્સવ પૂર્ણ થયો હતો. અસ્તુ

અ - સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ વિજેતા

જિલ્લાકક્ષા બાળ પ્રતિભા શોધ ૨૦૨૪-૨૦૨૫ હરિફાઈ અંતર્ગત શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી પ્રાથમિક શાળાની દીકરીઓ વિવિધ સ્પર્ધામાં વિજેતા થઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે.

★ અ વિભાગમાં લગ્નગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક ગોર હીર સુનિલભાઈ. ★ અ વિભાગમાં લોકવાદ્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક વરસાણી ધૃતિ દિનેશભાઈ. ★ બ વિભાગમા સર્જનાત્મક કામગીરીમાં પ્રથમ ખેતાણી મહિમા

ધનજીભાઈ. ★ બ વિભાગમા લગ્નગીત સ્પર્ધામાં તૃતીય ખેતાણી આયુષી વિરજીભાઈ. ★ બ વિભાગમા લોકવાદ્ય સ્પર્ધામાં તૃતીય વરસાણી ખુશી નિતિનભાઈ. ★ ઓપન વિભાગમાં લોકગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે જરૂ યશ્વી શામજીભાઈ. ★ઓપન વિભાગમાં સમૂહગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી. ★ ઓપન વિભાગમાં લોકનૃત્ય સ્પર્ધામાં તૃતીય ક્રમાંક શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી.

ઉપરોક્ત દરેક વિભાગમાં દીકરીઓને માર્ગદર્શન પૂરું પાડનાર શિક્ષિકાઓ દેવૃતિબેન ગઢવી, કુમુદબેન ભુડિયા, રિદ્ધિબેન ભટ્ટ અને સુનિતાબેન હિરાણી રહ્યા હતા.

દીકરીઓએ મેળવેલ સિદ્ધિ બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાનું સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા સહ સ્ટાફ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ ઇન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પીટીશનમાં રેન્જ કક્ષાએ પ્રથમ



સમગ્ર શિક્ષા અભિયાન તથા પોલીસ હેડ કવાર્ટરના સંયુક્ત ઉપક્રમે તા.૧/૧૦/૨૦૨૪ ના રોજ પાલનપુર ખાતે પોલીસ રેન્જનું ઈન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પીટીશન રેન્જ કક્ષાએ યોજાયેલ હતું. જેમાં ૬ જિલ્લાઓમાંથી પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

માર્ગદર્શક શિક્ષિકા પૂજાબેન ગોર અને દીકરીઓએ મેળવેલ સિદ્ધિ બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ. સાં.યો. મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાનું સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા સહ સ્ટાફ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ કુસ્તી - ૧૯ કક્ષાએ વિજેતા સુવર્ણ અને કાંસ્ય ચંદ્રકો મેળવી રાષ્ટ્રીય કક્ષાએ આગે કૂચ

રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર, રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાની અંડર-૧૯ અલગ અલગ વજન ગ્રુપની કુસ્તી સ્પર્ધાનું આયોજન દેવગઢ બારીયા મુકામે કરાયું હતું. જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ વાગડિયા ભાવિકા અને કણજરીયા જ્હાનવી પ્રથમ સ્થાને (સુવર્ણ ચંદ્રક) તેમજ હાલાઈ નેન્સી, વાગડિયા હર્ષિતા અને પરમાર ઊર્વિ તૃતીય સ્થાને (કાંસ્ય ચંદ્રક) પ્રાપ્ત કરેલ છે. પ્રથમ સ્થાન મેળવેલ દીકરીઓ રાષ્ટ્રીય કક્ષાએ રમવા જશે.

દીકરીઓની પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ. સાં.યો. મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાનું સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## કન્યા વિદ્યામંદિરની દીકરીએ કુસ્તીમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કાંસ્ય ચંદ્રક મેળવ્યું

રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર, રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાની અંડર ૧૪ કુસ્તી સ્પર્ધાનું આયોજન દેવગઢ બારીયા મુકામે કરાયું હતું.

જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની ડાંગર તમન્ના તૃતીય સ્થાન કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરેલ છે.

સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્યકક્ષાએ મેડલ પ્રાપ્ત કરી કચ્છ જિલ્લાનું અને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

દીકરીના પ્રશંનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે.

સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાનું સંચાલક મંડળ પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન વીરડા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## ગુજરાત સ્ટચ્યુ ઓફ યુનિટી કેવડીયા ખાતે પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં ભુજ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર દ્વારા બેન્ડનું સુપર ડુપર પરફોર્મન્સ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ ગુજરાત રાજ્ય લેવલની બેન્ડ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી, ગુજરાત સ્ટેચ્યુ ઓફ યુનિટી લોહપુરુષ સરદાર પટેલ જયંતી પ્રસંગે



કેવડીયા ખાતે યોજવામાં આવેલ એકતા પરેડમાં દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં બેન્ડનું શ્રેષ્ઠ પ્રદર્શન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

દેશના છેવાડાના ભૂકંપગ્રસ્ત જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની દીકરીઓનું એટલે ભુજ સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરનું બેન્ડ પરફોર્મન્સ જોઈ ખુશી વ્યક્ત કરતા મોદીજીએ તાળી પાડીને પોતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. આમ મહાનુભાવોની પ્રશંસા મેળવવામાં આ વિદ્યાર્થીનીઓ યશભાગી બની હતી. અને સમગ્ર દેશ દુનિયામાં કચ્છ જિલ્લાનું અને સંસ્થાનું ગૌરવ વધારી પ્રશંસાપાત્ર બની છે.

આ પ્રશંસનીય પ્રસ્તુતિ બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે અતિ ઉત્સાહભર લાગણીની અનુભૂતિ સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયા, મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ પૂજાબેન ગોર સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

# ઇન્ટર ગુરુકુળ રમત-ગમત સ્પર્ધા - કોડાય ગુરુકુળ









શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ કોડાયને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી વાત્સલ્ય મહોત્સવના ઉપલક્ષ્યમાં કોડાય ગુરુકુળ દ્વારા ઈન્ટર રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં શ્રીનરનારાયણદેવ ટ્રસ્ટ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર-ભુજના નેજા હેઠળ આવતા તમામ ગુરુકુળના વિદ્યાર્થીઓ વચ્ચે વોલીબોલ, કબડ્ડી, ઊંચી કૂદ, બરછી ફેંક, ચક્ર ફેંક, ગોળા ફેંક, દોડ જેવી રમતમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, શાસ્ત્રી સ્વામી પ્રભુજીવનદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, માંડવી મંદિરથી સ્વામી હરિમુકુંદદાસજી, ડો.સ્વામી સત્યપ્રસાદદાસજી, નારાણપર ગુરુકળથી સ્વામી ધર્મચરણદાસજી, મથલ ગુરુકુળથી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજી, ભુજ વિદ્યાર્થી ભુવનથી સ્વામી અક્ષરમુક્તદાસજી, સંસ્કારધામ માંડવીથી સ્વામી વેદપ્રકાશદાસજી વિગેરે સંતો ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

કોડાય ગુરુકુળનું સંચાલન કરતા શાસ્ત્રી સ્વામી કૃષ્ણજીવનદાસજીએ રજત જયંતી વાત્સલ્ય મહોત્સવ તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૪ થી તા.૩ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન યોજાનાર મહોત્સવ અંગે માહિતી આપી હતી. અને આવી રમતોથી રમત-ગમતની ભાવના ખીલે છે તેમ ઉમેર્યુ હતું.

ભુજ મંદિરના ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ જણાવ્યું હતું કે, ભુજ મંદિર દ્વારા દર વર્ષે આવું રમત-ગમતનું આયોજન કરવામાં આવશે. તેમણે શિક્ષણ સાથે ધર્મને









ગુરુકુળોની પરંપરા જણાવી તેને અકબંધ રાખવા અને ભાવિ પેઢી માટે સંસ્કાર સિંચન કરવા પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમમાં ભુજ મંદિર અંદર ચાલતા ગુરુકુળમાં કોડાય, સંસ્કારધામ-માંડવી, નારાણપર, માનકુવા, રાપર, ગાંધીધામ, મથલ ગુરુકળ તથા વિદ્યાર્થી ભુવન-ભુજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંતોના હસ્તે વિજેતા ટીમોને ટ્રોફી અપાઈ હતી અને આયોજનને બિરદાવાયું હતું.

આ કાર્યક્રમમાં અરજણભાઈ હાલાઈ, હરજીભાઈ વેકરીયા, માવજીભાઈ પિંડોરીયા, લક્ષ્મણભાઈ વરસાણી હીરજીભાઈ પુંજાણી, વાલજીભાઈ હાલાઈ, લાલજીભાઈ રાબડીયા, દેવજીભાઈ છભાડીયા, કિશોરભાઈ હિરાણી, વાલજીભાઈ રાજાણી, મનજીભાઈ હાલાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી કપિલજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ જેન્તીભાઈ હાલાઈ, હિતેશભાઈ, સતીષભાઈ કેરાઈ, મનીષ કેરાઈ, પિયુષ વેકરીયા, વિકેશભાઈ હાલાઈએ વ્યવસ્થા સંભાળી હતી. સંચાલન અને આભારવિધિ સ્વામી કૃષ્ણજીવનદાસજીએ કરી હતી.

અ - સ્વામી કપિલજીવનદાસજી



# કોડાય ગુરુકુળ

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ કોડાયને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી વાત્સલ્ય મહોત્સવના ઉપલક્ષ્યમાં તા.૧૭/૧૦/૨૦૨૪, ગુરુવારના રોજ શરદ પૂનમના મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રાસોત્સવમાં અંજાર મંદિરથી સ્વામી વાસુદેવપ્રિયદાસજી તેમજ ગુરુકુળના વિદ્યાર્થી ક્રીશ રાઘવાણી, ઉત્તમ છભાડીયા રાસોત્સવના કીર્તનો ગાઈ રાસની રમઝટ કરાવી હતી.

રાસોત્સવમાં વિદ્યાર્થીઓ અને ભક્તોને દર્શન આશીર્વચન આપવા માટે માંડવી મંદિરથી કોઠારી સ્વામી સંતજીવનદાસજી તથા પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતો તથા શાસ્ત્રી સ્વામી પ્રભુજીવનદાસજી, સ્વામી હરિનંદનદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તથા શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામથી સ્વામી વ્યાસમુનિદાસજી તથા સ્વામી હૃદયપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા.

આ શરદ પૂનમ મહારાસોત્સવમાં માંડવી, ગોધરા, ડોણ, કોડાય, પિયાવા તેમજ આજુબાજુ અને દૂર-સુદૂરથી અનેક હરિભક્તો જોડાયા હતા. અને શરદ પૂનમ સોળે કળાએ ચંદ્ર ખીલ્યો હોય તેમ હરિભક્તો અને ગુરુકુળમાં રહેતા વિદ્યાર્થીઓએ અલગ અલગ વેશભૂષા ધારણ કરી આ મહારાસોત્સવનો આનંદ માણ્યો હતો.

શરદ ઋતુ અને એમાં પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હોય ત્યારે દૂધપૌવા ઉપર ચંદ્રના કિરણો પડે અને આ પ્રસાદ અમૃત સમાન બની જાય તેમ તેનો મહિમા જાણી રાસોત્સવના અંતમાં સૌ હરિભક્તો તથા વિદ્યાર્થીઓએ દૂધપૌવા તેમજ બટેટા-પૌવાના પ્રસાદ લીધો હતો.

રાસોત્સવમાં સંચાલન અને આભારવિધિ ગુરુકુળના સંચાલક શાસ્ત્રી સ્વામી કૃષ્ણજીવનદાસજીએ કરી હતી અને સંકલન સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી કપિલજીવનદાસજીએ કર્યું હતું.

અ - સ્વામી કપિલજીવનદાસજી









# શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-બોલ્ટન (યુ.કે.)નો ૫૧ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

આનંદની વાત સાથે જણાવવાનું કે આપણા બોલ્ટન મંદિરને ૫૧ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં આપણા ભુજથી સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના સંતમંડળનાં સંતો શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી સાથે પધારેલ અન્ય સંતોએ સુમધુર સહેલી ભાષામાં 'કથામૃત'નું રસપાન કરાવી અને સૌને આનંદિત કર્યા હતા.

પારાયણની શરૂઆત તા.૧/૯/૨૦૨૪ ને રવિવારનાં સાંજના કથા ઉઠ્યાબાદ 'પોથીયાત્રા' સાથે પુસ્તક પૂજનથી થયેલી. અને આ મહોત્સવની ઉજવણીનો પહેલો દિવસ તા.૨/૯/૨૦૨૪ થી પૂર્ણાહુતિ તા.૮/૯/૨૦૨૪ના રવિવારનાં થયેલી. આ સપ્તાહ પારાયણમાં સવારના સત્રમાં 'શ્રીપુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા' ગ્રંથ અને બપોર પછીના સત્રામાં 'શ્રીઓરડાના પદ'ની કથાનું આયોજન કરેલ. જેમાં આ પારાયણના મુખ્ય યજમાનપદ બોલ્ટન મંદિરમાં આજથી ૨૦ વર્ષ પૂર્વે આપણા ભુજ મંદિરના મહંત અ.નિ. સદ્‌ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રેરણાથી તેમજ તેમના આશીર્વાદથી 'યુવક તથા યુવતી' મંડળની સ્થાપના થયેલ.

તે 'શ્રીસ્વામિનારાયણ યુવક મંડળ'ને ૨૦ વર્ષ આ સાલે પૂર્ણ થતાં આ આપણા નવ યુવાન દેવ પ્રત્યે ખરી નિષ્ઠા રાખી અને પારાયણના ચડાવાનો ઉંચો આંક આપીને મુખ્ય યજમાન બનવાનો લાભ લીધો હતો અને આ સાલનો ૫૧ વર્ષીય વાર્ષિક પાટોત્સવ જાણે કે 'મોટો સમૈયો' હોય ને શું ? તેવા ઉત્સાહની સાથે ઉજવાયો અને આ મહોત્સવમાં દરરોજ સાંજના સાતે સાત દિવસ ભોજન પ્રસાદના જુદા જુદા યજમાનોએ લાભ લઈ અને સેવાનું બીડું ઝડપ્યું હતું. અને આ મહોત્સવના પાટોત્સવના મુખ્ય દિવસે તા. ૬/૯/૨૦૨૪ નાં રોજે અહીં નિજ મંદિરમાં બિરાજતા શ્રીઠાકોરજીના અભિષેકના તથા દેવોની ધજા તથા મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર રહેલ શિખર તેની ધજાના આમ બંનેના યજમાન ગામ બળદિયાના રાઘવાણી પરિવારમાં અ.નિ.કાન્તાબેન મનજી રાઘવાણી, પુત્ર રાજેશ મનજી, શ્રીમતિ ધ.પ.રેશમા રાજેશ, પુત્ર ધર્મેન્દ્ર મનજી, શ્રીમતિ કાન્તાબેન, દીકરી મંજુલાબેન હસ્તે મનજી કુંવરજી રાઘવાણી સપરિવાર ગામ બળદિયાવાળા તરફથી થયેલા. આ મહોત્સવમાં







સાતે સાત દિવસ ભોજન પ્રસાદ બાદ ફ્રેસ જ્યુસ તથા આઈસ્ક્રીમના યજમાનો બની અને સેવા કરેલી. અને આ મહોત્સવમાં સવારનાં કથા ઉઠ્યાબાદ દિવસ છ ના પ્રસાદીના જુદા જુદા યજમાનોએ સેવા કરેલી. અને શનિવાર તા.૭/૯/૨૦૨૪ ના સવારમાં 'મહાપૂજા'નું આયોજન કરેલું. અને સાંજના કથા ઉઠ્યાબાદ 'શ્રીઠાકરથાળી-રાસોત્સવ'નું પણ ધામધૂમથી આયોજન થયેલ અને આ ૫૧ માં વાર્ષિક પાટોત્સવ પારાયણ નિમિત્તે દર સાલની માફક આ સાલે પણ આપણાં ભુજ-માંડવી-અંજાર તથા પ્રસાદી મંદિરમાં શ્રીઠાકોરજીના થાળ તથા સંતોને રસોઈ આપવી તેમાં પણ ઘણા



હરિભક્તોએ પોતપોતાના નામો આપી અને સેવાનું બીડું ઝડપેલું અને કથાની પૂર્ણાહુતિના દિવસો રવિવારનાં સવારના કથા ઉઠ્યાબાદ સૌ હરિભક્તો તેમજ બહારગામથી પધારેલ સર્વે મહેમાનો 'ભોજન પ્રસાદ' લઈ અને આ પાટોત્સવ પૂર્ણ જાહેર થયેલો.



અ - પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી દેવજી વિશ્રામ રામજીના જય શ્રીસ્વામિનારાયણ......

## શ્રીસ્વામિનારાયણ મંદિર પર્થ-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સભાનો અહેવાલ

શ્રીસ્વામિનારાયણ મંદિર પર્થ-ઓસ્ટ્રેલિયાની સત્તરમી વાર્ષિક જાહેર સભા રવિવાર તા.૮/૯/૨૦૨૪ ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર પર્થના સભામંડપમાં સવારે ૭-૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ. કોરમ પુરો થતાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના જયઘોષ

સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. મંત્રીશ્રી પરેશભાઈ વસંતલાલ રાબડીયાએ સભામાં આવેલ સર્વ સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ ગત વાર્ષિક જાહેરસભાની નોંધનું વાંચન કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રીએ વાર્ષિક અહેવાલનું વાંચન કર્યા બાદ ખજાનચીશ્રી રૂપેશભાઈ પ્રેમજી કેરાઈ ગત વર્ષનો આવાક જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ. જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ અધ્યક્ષશ્રી વિનોદભાઈ વેલજી હિરાણી વર્ષ દરમિયાન મંદિર વિશેની જે જે પ્રગતિ થયેલ તથા આપણા સંપ્રદાયના તમામ ધાર્મિક તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવેલ તેનો વિસ્તૃત અહેવાલ સભાજનોને આપેલ. તેમજ મંદિરની તમામ પેટા સમિતિના સભ્યોએ તન-મન અને ધનથી વર્ષ દરમિયાન પોતાનું જ કાર્ય સમજીને ખૂબ જ નિખાલસ ભાવથી સેવા કરેલ. તે બદલ તમામ સેવાભાવી ભક્તોનો આભાર વ્યક્ત કરેલ. ત્યારબાદ તેઓશ્રીએ જણાવેલ કે તેમના સમયગાળા દરમિયાન જે કોઈ ભાવિક ભાઈઓ-બહેનો મંદિરના કાર્યમાં મદદરૂપ થયેલ તેઓ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે તેઓશ્રીને આ સ્થાન ઉપર ટ્રસ્ટી મંડળ, કાર્યકરો તથા સર્વે હરિભક્તોનો સાથ-સહકાર મળેલ, તે બદલ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરેલ.

ત્યારબાદ ચાલુ કાર્યવાહક સમિતિને બરખાસ્ત કર્યા બાદ ચુંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ. અંતમાં નીચે જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે કાર્યવાહક સમિતિના હોદેદારો અને સભ્યોની ચુંટણી કરવામાં આવેલ. અધ્યક્ષઃ- પ્રવિણભાઈ કાનજીભાઈ કેરાઈ ગામ-માનકુવા. ઉપાધ્યક્ષઃ- દેવરાજ ધનજી પટેલ (ગામી) ગામ-કેરા. મંત્રીઃ- પરેશભાઈ વસંતલાલ રાબડીયા ગામ- માંડવી. સહમંત્રીઃ- દિનકરભાઈ પ્રેમજી આશાણી ગામ-દહીંસરા. ખજાનચીઃ- રૂપેશભાઈ પ્રેમજી કેરાઈ ગામ-સુખપર. સહખજાનચીઃ- ધ્રુવભાઈ ધનજી વેકરીયા ગામ-માંડવી. હિસાબ ચોકસીઃ- પુનિતભાઈ કાનજી હિરાણી ગામ-બળદિયા. સભ્યોઃ- દિપેશભાઈ વાલજી ભુડિયા ગામ-દહીંસરા, પરેશભાઈ લાલજી કેરાઈ ગામ-ગોડપર, સાગરભાઈ નિતિન દબાસીયા ગામ માધાપર, દર્શકભાઈ વસંત રાબડીયા ગામ માંડવી.

ટ્રસ્ટી મંડળના સભ્યોની નામાવલી નીચે પ્રમાણે છે. નરેશભાઈ પરબત હાલાઈ ગામ-દહીંસરા, ધનજીભાઈ રામજી ભુડિયા ગામ-માનકુવા, મનજીભાઈ શીવજી ભંડેરી ગામ-વેકરા, હરીશભાઈ ગોપાલ વેકરીયા ગામ-રામપર, હરેશભાઈ લાલજી કેરાઈ ગામ-ગોડપર.

આ પ્રમાણે ટ્રસ્ટી મંડળની અને કાર્યવાહક સમિતિના હોદેદારો અને સભ્યોની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટેની વરણી સર્વાનુમતે કરવામાં આવેલ. અ- સહમંત્રી શ્રીપરેશભાઈ વસંત રાબડીયાના સપ્રેમ જય શ્રીસ્વામિનારાયણ.....

## શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## ભક્તાધિન ભગવાન

બાળ મિત્ર ! જય શ્રી સ્વામિનારાયણ, આજ વાંચીશું કચ્છલીલાની એક નવી લીલા.

એક દિવસ ભગવાન શ્રીહરિ ભુજનગરમાં હરજીભાઈને ઘેર બિરાજમાન હતા. તે સમયે સુદરજીભાઈ આવીને કહ્યું : "હે મહારાજ ! મારા પુત્ર રાઘવજીના લગ્ન થઈ રહ્યા છે. આવતીકાલે રાઘવજીને પરણાવવા માટે જાન માનકુવા લઈ જવાની છે. પણ રાઘવજી ના પડે છે કે 'મારે તો નથી પરણવું.' માટે હે મહારાજ ! તમે તેને બોલાવીને સમજાવો તો બહુ સારું." શ્રીહરિએ રાઘવજીને

બોલાવીને કહ્યું ત્યારે રાઘવજીએ કહ્યું : ''હે મહારાજ ! તમે મારી સાથે જાનમાં ચાલો તો હું પરણવા આવું ને તમે સાથે નહિ ચાલો તો હું પરણવા નહિ જાઉં.''

ત્યારે શ્રીહરિએ કહ્યું : ''એવું હોય તો અમે સાથે આવશું.'' પછી ભગવાન શ્રીહરિ રાઘવજીની જાનમાં ચાલ્યા. તે ચાલતાં જ્યારે માનકુવા નજીક આવ્યા ત્યારે સૌથી આગળ ચાલ્યા. સુતારને કહ્યું : ''અમે તમારા માંડવિયા છીએ.'' સુંદરજી સુથારે કહ્યું : ''હા, મહારાજ ! મારા ઉપર મોટી કૃપા કરીને આપ મારા દીકરાના વિવાહમાં પધાર્યા.'' જાન માનકુવા આવી. ધામધૂમથી લગ્ન થયા. પછી રસોઈ તૈયાર થઈ એટલે પ્રથમ શ્રીજીમહારાજને જમાડ્યા, ને પછી લગ્નમાં આવેલા લોકોને જમાડ્યા. આમ વિવાહ કાર્ય પૂર્ણ થયું.

સર્વે જાનૈયા ઉતારે ગયા અને શ્રીહરિએ પણ પોતાના ઉતારે પધાર્યા. ત્યાં સભામાં બિરાજમાન થયા. અને પોતાના હાથમાં કાતર લઈને બેઠા ને કહ્યું : ''જેમને સાધુ થાવું હોય તે આવો.'' અવસરનો લાભ જોઈ સુંદરજીભાઈ મહારાજની આગળ આવીને બેઠા ને કહ્યું : ''હે, મહારાજ ! મને સાધુ કરો, મારે સાધુ થાવું છે.'' વાત સાંભળી હીરજીભાઈ તત્કાળ શ્રીહરિની પાસે આવ્યા ને કહ્યું : ''હે મહારાજ ! સુંદરજીભાઈને સાધુ ન કરો ને મને સાધુ કરો.'' ભગવાન શ્રીહરિએ કહ્યું : ''તમે બન્ને ભાઈઓ ગૃહસ્થમાં હોવા છતાં સાધુ જ છો.'' પછી સભા પૂર્ણ કરી શ્રીહરિ પોઢ્યા.

સવારમાં રસોઈ થઈ તો પ્રથમ શ્રીજીમહારાજને જમાડ્યા ને પછી જાનૈયાને જમાડ્યા. ત્યારપછી જાન પાછી ભુજ ચાલવા તૈયાર થઈ. ત્યારે શ્રીહરિએ કહ્યું : ''અમે આગળ ચાલશું તમે પાછળ આવો.'' સુંદરજીભાઈએ કહ્યું : ''હે મહારાજ ! બહુ સારો આપ પહેલા પધારો અને અમે પણ હમણાં નિકળીએ છીએ.''

પછી ભગવાન શ્રીહરિ ઘોડે બેસીને ચાલ્યા, તે ભુજ હીરજીભાઈને ઘેર આવીને ઊતર્યા. ત્યાં સત્સંગીની સેવા અંગીકાર કરતા થકા વીસ-પચીસ દિવસ ભુજમાં રહ્યા.

એક દિવસ શ્રીહરિએ સુંદરજીભાઈને કહ્યું : ''અમારે માનકુવા જાવું છે.'' સુંદરજીએ હાથ જોડીને કહ્યું : ''હે મહારાજ ! હમણાં આંહી રહીને અમને દર્શન આપો.'' શ્રીહરિએ કહ્યું : ''પાંચ-સાત દિવસ ત્યાં રહીને પુનઃ અહીં આવશું.'' એમ કહી ઊભા થઈ ચાલવા લાગ્યા ત્યારે સુંદરજીભાઈ પણ સાથે ચાલ્યા. ભુજનગરથી બહાર આવ્યા. ને હાલ આપણા ફૂલવાડી બાગમાં જ્યાં છત્રી કરીને ચરણાવિંદ પધરાવ્યાં છે ને આંબલી ઊભી છે, તે આંબલીના ઝાડ નીચે સુંદરજીભાઈએ આસન પાથરી આપ્યું, તે ઉપર શ્રીહરિ બિરાજમાન થયા.

ગામમાં સત્સંગીઓને ખબર પડી કે 'મહારાજ માનકૂવા જાય છે.' તેથી ત્યાં દર્શન કરવા આવ્યા. તેમાં કોઈ ભગત બરફી, ને કોઈ પેંડા ને પતાસાં લઈને આવ્યા. ભગવાન શ્રીહરિને પગે લાગી થાળ આગળ મુકીને સભામાં બેઠા. શ્રીહરિ તેમાંથી બરફી, પેંડા ને પતાસાં પોતે જમ્યા. પછી સર્વે સત્સંગીઓને પોતાના હાથે પ્રસાદી આપી. પછી શ્રીહરિ સર્વેને કહ્યું : ''હવે પાછા વળો'' એમ કહી જય સચ્ચિદાનંદ કહીને ચાલવા લાગ્યા. બહેનો તો પાછાં વળી ગયા પણ ભાઈઓ હતા તે મહારાજ ભેળા ચાલ્યા. તે જેઠી ત્રિકમજી જગ્યા છે ત્યાં હાલ છત્રી કરાવી પગલાં પધરાવ્યાં છે, તે જગ્યાએ બે મોટા લીંબડા હતા. ત્યાં શ્રીહરિ સુંદરજીભાઈ આદી ભક્તોને કહ્યું : ''હવે પાછા વળો ને જે પ્રસાદી વધી છે તે લઈ જાવો ને જે સત્સંગી ન આવ્યા હોય તેને આપજો.'' પછી સર્વે સત્સંગીએ દંડવત કરીને પગે લાગીને કહ્યું : ''હે મહારાજ ! વહેલા પધારજો.''

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ભક્તો ! ભગવાનનું ભજન કરજો અને ભગવાનને વહાલા રાખજો. અમે દશ દિવસમાં પાછા આવીશું.''

પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે ઓડીવાળી વાવમાં સ્નાન કરી, સાંજ સુધીમાં માનકુવા પધાર્યા. ત્યાં નાથા સુતારને ઘેર ઊતર્યા.

# -: જ્ઞાન સરિતાઃ-

## -: જ્ઞાનમાળાઃ-

૧. વડતાલ મંદિરમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ દ્વારા પ્રતિષ્ઠિત મુખ્ય દેવનું નામ જણાવો ?

(અ) નરનારાયણદેવ (બ) લક્ષ્મીનારાયણદેવ
(ક) ગોપીનાથજી (ડ) રાધારમણદેવ

૨. વડતાલ સ્વામિનારાયણ મંદિર કોના દ્વારા બંધાવામાં આવ્યું હતું ?

(અ) મુક્તાનંદ સ્વામી (બ) ગોપાળાનંદ સ્વામી
(ક) બ્રહ્માનંદ સ્વામી (ડ) નિષ્કુળાનંદ સ્વામી

૩. વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિરની જગ્યાએ કોણે કઠીન તપશ્ચાર્યા કરી હતી ?

(અ) પાર્વતીજી (બ) રાધિકાજી
(ક) વર્ણીરાજ (ડ) લક્ષ્મીજી

૪. વડતાલમાં દ્વારીકાથી આવેલ પવિત્ર તળાવનું નામ જણાવો ?

(અ) ગોમતી તળાવ (બ) ધના તળાવ
(ક) ગોપી તળાવ (ડ) ઘેલા તળાવ

૫. સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં કેટલી વાર પધાર્યા છે ?

(અ) ૨૨ (બ) ૩૯
(ક) ૪૫ (ડ) ૫૧

૬. વડતાલની ભૂમિમાં જન્મ પામેલા ઉત્તમ ભક્તોના નામ જણાવો ?

(અ) કાશીદાસ (બ) જોબનપગી
(ક) બાપુભાઇ (ક) ગોવર્ધન

૭. વડતાલ સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત ?

(અ) ૧૮૮૧ વૈશાખ સુદ ૫
(બ) ૧૮૭૮ ચૈત્ર સુદ ૧૫
(ક) ૧૮૭૮ ચૈત્ર સુદ ૧૩
(ડ) ૧૮૭૯ ચૈત્ર વદ ૨

૮. વડતાલ મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે કુલ કેટલી મૂર્તિઓની સ્થાપના શ્રી હરિએ કરી હતી ?

(અ) ૯ (બ) ૨૧
(ક) ૧૧ (ડ) ૧૮

૯. વડતાલ મંદિરમાં શ્રીહરિએ લક્ષ્મીનારાયણ આદી દેવોની સ્થાપના કંઇ સાલમાં કરી હતી ?

(અ) ૧૮૮૧ (બ) ૧૮૮૨
(ક) ૧૮૮૧ (ડ) ૧૮૨૪

૧૦. વડતાલ દેશ ગાદીના આદી આચાર્યનું નામ આપો ?

(અ) અયોધ્યાપ્રસાદજી (બ) રઘુવીરજી
(ડ) કેશવપ્રસાદજી (ડ) ઈચ્છારામજી

## -: શબ્દ રચના :-

વડતાલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રીહરિ દ્વારા સ્થાપિત શ્રી લક્ષ્મીનારાયણ આદી ૧૮ મૂર્તિઓ પધરાવેલ છે તે શોધો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ની | લ | કં | ઠ | સૂ | ર્ય | ના | રા | ય | ણ |
| પ | શુ | પ | તિ | શ્રી | ગો | મ | તી | દે | વી |
| શ્રી | લ | ક્ષ્મી | ના | રા | ય | ણ | દે | વ | ન |
| શે | ષ | ણ | રા | ધા | મ | હ | નુ | ઘ | સી |
| ષ | શ્રી | હ | રિ | કૃ | ષ્ણ | મ | હા | રા | જ |
| શા | પા | ર્વ | જી | ષ્ણ | ભ | ક્તિ | કૂ | મ | ગ |
| યી | ન | ધ | ર્મ | દે | વ | તા | ર્મ | ચં | દી |
| ર | વા | સુ | દે | વ | રા | દે | ના | દ્ર | શ |
| જ | ન | ત્ર | નૃ | સિં | હ | ના | રા | ય | ણ |
| ત્ર | હા | દે | વ | જી | ના | ર | ય | ણ | મ |
| લિં | ગ | પા | ન | ઠ | રા | જા | ર્વ | ડ | ત્સ્ય |
| ભ | ક્તિ | મા | તા | મ | ય | શ્રી | ધ | છો | ના |
| શ્રી | નુ | શ્ય | જી | ગ | ણ | પ | તિ | જી | રા |
| હ | ન | ક | ષ્ટ | ભં | ર | ણ | છો | ડ | ય |
| ઘ | લા | ભ | પા | ર્વ | તી | જી | શુ | ભ | ણ |

## -: ગત અંકનો જ્વાબો :-

વિજ્યાદશમી, આસો સુદ પૂનમ, વૃન્દાવન, દૂધ-પૌંઆ અસ્ત્ર-શસ્ત્ર, ધનતેરસ, નરકાસુર, દશમ સ્કંધ, સમુદ્રદેવ
ઉખાણાં (પડછાયો, ચણોઠી, અક્ષરો, નાળિયેલ, વાદળું, ઈલાયચી, ઘંટી, પપૈયું, વાદળાં, ચશ્માં.)

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)
૫૦૦- સાં.યો. પ્રેમીલાબાઈ વાલજી લાછાણી જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર
૨૫૧- અ.નિ. માનબાઈ રામજી જેસાણી હસ્તે રામજી વાલજી જેસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- રામજી વાલજી જેસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૧૧૧૧- મૈત્રી પ્રવિણ ગોવિંદ રાબડીયા જન્મદિવસ ૩૦-૧૦-૨૪ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સરલી
૩૦૦- રતનબેન રતના સેંઘાણી, હ-વિરજીભાઈ ગોપાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર
૨૦૦- ભુડિયા નીતાબેન કલ્યાણભાઈ જન્મ દિવસ નિમિત્તે - માધાપર

---

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

### ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫ | કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫ | કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫ | નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫ |
|---|---|---|---|

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોયતેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ ટ૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

: કથા સ્થળ :

**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦**












અન્નકુટની સેવા કરતા સંતો - ભક્તો

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024



## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત
## કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળની
## ૨૧મી સત્સંગ શિબિર

# મારી વાણી મારું સ્વરૂપ



